Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-1, June-2023
www.researchguru.net

# માનવતાના નાયક – ગાંધીજી

**ડૉ. ભૂમિકા બી. વસાવા**

ઈતિહાસ વિભાગ, વી.એમ.સાકરીયા, મહિલા આર્ટસ કૉલેજ, બોટાદ મો. 8238711243

***ટૂંકસાર :-***

*"તમે માનવતામાં વિશ્વાસના ખોવો*

*માનવતા સાગરની જેમ છે. થોડીક*

*બુંદો ખરાબ છે. તો સાગર ખરાબ*

*નથી થઈ જતો"*

- *ગાંધીજી*

*સમાજ પરિસ્થિતિશીલ છે. સમાજની ઉન્નતિ અને વિકાસ માટે પરિવર્તન નિરંતર પરંપરિત ચાલ્યા જ કરે છે. આ ક્રિયા દરમિયાન કોઈ દીર્ઘદ્રષ્ટા પોતાના વિચારો દ્વારા સમૂહજીવનને અસરકર્તા બની રહે છે. જેને સમાજના 'રાહબર' તરીકે ઓળખી શકાય. ગાંધીજી આવા જ એક વ્યક્તિ વિશેષ હતા. ઈ.સ. 1915 થી 1947 સુધીનો યુગ જેમના નામે ઓળખાય છે. એવા યુગપુરુષનું વિચારજગત વ્યાપક અને અસરકારક છે. વિશ્વની મહાન વ્યક્તિમાં જેમની ગણના થાય છે. એવા ગાંધીજી માનવતાના મહાનાયક છે. તેવું કહી શકાય.*

**પ્રસ્તાવના :-**

'માનવતાવાદ' શબ્દ લેટિન 'હ્યુમનિટાસ' માંથી આવ્યો છે. જેનો ઉપયોગ પહેલી સદીમાં થયો હતો. માનવતા એ વ્યક્તિનો ઉછેર અને શિક્ષણ છે. જે તેના ઉન્નતિમાં ફાળો આપે છે.

માનવતાવાદના સિદ્ધાંતે માનવી પ્રત્યેના સર્વોચ્ચ મૂલ્ય પ્રત્યેક વ્યક્તિના ગૌરવ માટે આદર, તેમના જીવનનો અધિકાર, મુક્ત વિકાસ તેમની ક્ષમતાઓનો સાક્ષાત્કાર અને સુખની શોધ તરીકેનો અભિગમ નક્કી કર્યો.

**ગાંધીજીની માનવતા :-**

ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વ માનવ હતા. તે રીતે ભારતદેશને તેમણે આઝાદી અપાવી બ્રિટીશરાજ પાસેથી આઝાદી મેળવવાની ભારતની ચળવળને દુનિયાના નકશા પર મૂકી. અહિંસક લડાઈ લડીને દેશને મહામૂલી આઝાદી અપાવી હતી.

ગાંધીજી ભારત જ નહીં સમગ્ર વિશ્વ અને માનવતા માટે પ્રકાશના સ્તંભ છે. આજ કારણે અંગ્રેજો વિરુદ્ધ એટલો લાંબો સંઘર્ષ કર્યો અને ભારત છોડવા તેમને મજબૂર કર્યા. 'સર્વોદય' શબ્દ મહાત્મા ગાંધી દ્વારા પ્રયોજવામાં આવ્યો હતો. એનો અર્થ દરેકના જીવનની દરેક બાબતોની સંપૂર્ણ પ્રગતિ થાય તેવો છે. તેમના આ વિચારમાં માનવતાવાદના દર્શન થાય છે. ગાંધીના મતે આદર્શ સમાજ કે આદર્શ રાજ્યનું અંતિમ ધ્યેય 'સર્વોદય' છે માટે ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમોને મહત્વ આપ્યુ હતું. ગાંધીજીએ રચનાત્મકકાર્યો દ્વારા સમાજમાં રહેલા દૂષણો દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

જેમાં, સ્વદેશી, સ્વચ્છતા, રોજગારી, સ્ત્રી-ઉન્નતિ, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી જેવા કામો આજેપણ આપણી વચ્ચે પ્રસ્તુત છે. કોમી એકતા, ખાદી, ગ્રામ સફાઈ, પ્રૌઢ શિક્ષણ, રાષ્ટ્ર ભાષાપ્રેમ વગેરે કાર્યોને રચનાત્મક કાર્યોમાં સ્થાન આપ્યુ. ગાંધીજીના મતે, રચનાત્મકકાર્યો એ માત્ર પ્રવૃત્તિ ન હતી તે એક પ્રયોગશાળા હતી. જેને આધુનિક સમાજની રચના માટે મહત્વનો ફાળો આપ્યો.

**શિક્ષણ અંગે ગાંધીજીના વિચાર :-**

કોઈપણ દેશના વિકાસનો પાયો દેશનું શિક્ષણ છે. હિંદના ગ્રામજીવનનો ખાસ વિચાર કરીને ગાંધીજીએ આપણને પાયાની કેળવણીની યોજના આપી છે.

ગાંધીજીના મતે, શિક્ષણ દ્વારા મુખ્યત્વે બાળકોમાં નૈતિક તેમજ સામાજિક મૂલ્યોનું ઘડતર થાય તે જરૂરી છે. તેમનો સર્વાંગી વિકાસ થાય એ જ સાચું શિક્ષણ છે. માત્ર અક્ષરજ્ઞાન એ સાચું જ્ઞાન નથી. પરંતુ વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય એ સાચું શિક્ષણ છે. ચારિત્ર્ય નિર્માણના કૌશલ્યોને પણ ગાંધીજી મહત્વના ગણે છે. તેમના મતે, શિક્ષણનો સર્વાંગી વિકાસ થવો જોઈએ. જેથી લોકશાહીના ગુણો વિકસવામાં અને રાષ્ટ્રના નિર્માણમાં અને તેના વિકાસમાં સહભાગી બને.

ગાંધીજીએ આધ્યાત્મિક કેળવણી પર ભાર મૂક્યો છે. કેળવણીએ સમાજને આધ્યાત્મિક સ્વતંત્રતા તરફ લઈ જાય છે. શિક્ષણએ આત્માની જાગૃત્તિ છે. ઈ.સ. 1920માં ગાંધીજી દ્વારા અમદાવાદમાં 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના કરવામાં આવી. ગાંધીએ વિદ્યાપીઠના શૈક્ષણિક અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય ભાવના અને માનવતાને મહત્વ આપ્યું. ગાંધીજીની કેળવણી માનવતાવાદ પર આધારિત છે. જે શિક્ષણ યોજના રજૂ કરી તેને 'નઈ તાલીમ' કે બુનિયાદી શિક્ષણ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં વ્યક્તિગત વિકાસ દ્વારા વિકાસની બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. કેળવણી દરમિયાન પ્રેમ, ભાઈચારો, સ્વતંત્રતા અને સમાનતા જેવા ગુણોનું સિંચન કરી શકાય છે. તેવું માનતા હતા.

ગાંધીજીએ વ્યાપારી શિક્ષણને પણ મહત્વ આપ્યું છે. કેળવણી દ્વારા વ્યક્તિમાં ઉત્પાદકતાનું મૂલ્ય વિકસે એ અત્યંત જરૂરી છે. ગાંધીજી માનતા હતા કે, સ્થાનિક ઉદ્યોગો સાથે અનુબંધ કરીને શિક્ષણ આપવામાં આવે તો, શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરેલ કૌશલ્યોમાંથી તેઓ સ્વાવલંબી બને તેથી ગાંધીજીએ પાયાના ઉદ્યોગો માટે શિક્ષણ પર ભાર મૂક્યો હતો.

આમ, ગાંધીજીએ બુનિયાદી શિક્ષણનો ખ્યાલ જગત આપ્યો હતો.

આજે આતંકવાદ, વસ્તીવધારો, પ્રદૂષણએ પાયાની સમસ્યાઓ છે. ગાંધી વિચાર દ્વારા ઉપરોક્ત સમસ્યાનો ઉકેલ રચનાત્મક કાર્યક્રમના સંદર્ભમાં આપેલ છે. આજે આતંકવાદને નાથવા માટે સમગ્ર વિશ્વ પ્રયાસ કરી રહ્યું છે તેમ છતાં તેનો ઉકેલ મળતો નથી. ગાંધીજી આતંકવાદને દૂર કરવા માટે અહિંસા નામના શસ્ત્રનો ઉપયોગ કરવા માટે જણાવ્યું છે. તેમજ આપણને અહિંસાના માર્ગે ચાલવાની સલાહ આપી છે. બીજી સમસ્યા વસ્તીવધારો છે. તે માટે ગાંધીજીએ આપેલા બ્રહ્મચર્યના પાલનમાં તેનો ઉકેલ રહેલો છે. તેમજ મહિલા જાગૃત્તિ, સ્ત્રી શિક્ષણને આધારે પણ જનજાગૃતિ કેળવીને તેને કાબૂમાં લાવી શકીએ. ગાંધીજીએ ગ્રામસફાઈ અને ગ્રામોદ્વારના કાર્યક્રમ દ્વારા પોતાની નૈતિક ફરજોનું પાલન કરી પ્રદૂષણ અટકાવી શકાય. નિરક્ષરતા, કોમીએકતા, ગરીબી, બેરોજગારી જેવી સમસ્યાઓનો ઉકેલ તેમના રચનાત્મક કાર્યક્રમમાંથી મળી રહે છે.

ટૂંકમાં આજના દરેક પ્રશ્નનો ઉકેલ ગાંધીવિચારમાં આપેલ છે. માત્ર તેનું અનુસરણ બાકી છે. તેમની નિતિમતાના જીવનમંત્રને લઈને અન્યનું લોકહિતની વૃત્તિ.

**ઉપસંહાર :-**

મહામાનવ એવા ગાંધીજીએ દરેક સમસ્યાને પોતાના રચનાત્મક કાર્યક્રમમાં સમાવી હતી. દરેક સમસ્યાનો અંત ગાંધી વિચારમાં છે. ગાંધીજીના વિચારો બહુબારીક અને વ્યવહારગત હતા. ગાંધી પ્રકૃતિ ઈશ્વર, જીવન, સમાજ અને સમગ્રતા સાથે એકાકાર થવાની દિશામાં ઉઠેલું માનવજાતનું સૌથી મોટું પગલું છે. ગાંધીજી માનતા હતા કે, વ્યક્તિએ દરેક પરિસ્થિતિમાં પોતાની ધીરજ જાળવી રાખવી જોઈએ અને અસત્યનો માર્ગ ક્યારેય અપનાવવો જોઈએ નહીં. ગાંધીજીએ ક્યારેય સ્વાર્થ માટે કોઈપણ કાર્ય કર્યું નથી. નિજી સ્વાર્થ મનુષ્યની અંદર કાયરતા, લોભ,મોહ જેવા દુર્ગુણોનો સંચાર થાય છે.

**સંદર્ભ સૂચિ**

1. રાજેન્દ્રપ્રસાદ, રચનાત્મક કાર્યક્રમ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. 1942
2. ગાંધીજી, વ્યાપક ધર્મભાવના, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. 1937
3. સત્યના પ્રયોગો, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

4. દવે જયેન્દ્ર શાસ્ત્રી, ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિંતન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
5. ગાંધી મોહનદાસ, મારા સ્વપ્નનું ભારત, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.